| એકમ 16 | ગ્રંથમાળા |
|---|---|

## ગ્રંથમાળા

રૂપરેખા

16.0 ઉદ્દેશો
16.1 પ્રસ્તાવના
16.2 ગ્રંથમાળાનો અર્થ
16.3 ગ્રંથમાળાની રજૂઆત
16.3.1 નામાંતર નિર્દેશી સંલેખ
16.4 બહુ-ગ્રંથમાળા નોંધ
16.5 આભાસી ગ્રંથમાળા
16.6 ગ્રંથમાળાના ઉદાહરણો
16.7 સારાંશ
16.8 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો
16.9 સંદર્ભો અને વિશેષ વાંચન

### 16.0 ઉદ્દેશો (OBJECTIVES)

અનેક ગ્રંથો એવા હોય છે કે જે ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશિત થતાં હોય છે અને આવા ગ્રંથોના પ્રસાર પ્રચારમાં આ ગ્રંથમાળાઓ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે આથી ગ્રંથમાળાઓનાં વિવરણનો ઉલ્લેખ સૂચિ સંલેખમાં કરવો આવશ્યક ગણવામાં આવે છે. આ એકમનાં અભ્યાસનાં ઉદ્દેશો આ મુજબ ગણાવી શકાય :

- ગ્રંથમાળા શું છે તેની જાણકારી આપવી અને ગ્રંથમાળાનો અર્થ સ્પષ્ટ કરવો;
- ગ્રંથમાળા માટેના સંલેખો બનાવવાની રીત દર્શાવવી;
- ગ્રંથમાળાના સંપાદકો દર્શાવતા સંલેખોના પ્રકાર દર્શાવવા;
- બહુવિધ ગ્રંથમાળા અને આંતર સંબંધિત ગ્રંથમાળા વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો અને
- આભાસી ગ્રંથમાળાના પ્રકારો જાણવા

### 16.1 પ્રસ્તાવના (INTRODUCTION)

ગ્રંથમાળા કે શ્રેણી અંતર્ગત અનેક ગ્રંથો પ્રકાશિત થતા હોય છે જે ગ્રંથમાળાના નામથી જ જાણીતા પણ હોય છે અગાઉ કહ્યું તેમ ગ્રંથના પ્રચાર પ્રસારમાં ગ્રંથમાળાનું

મહત્ત્વનું યોગદાન હોય છે આથી તે ખૂબ જ આવશ્યક બની જાય છે કે ગ્રંથમાળાનું વિવરણ સંલેખમાં આપવું નહિ તો તેવા વિવરણના અભાવમાં વાચક માટે ગ્રંથની શોધ કે પ્રાપ્તિ મુશ્કેલ બની રહે છે. આમ, ગ્રંથમાળા એ સૂચિ માટેની અગત્યની જરૂરિયાત માનવામાં આવે છે.

સીસીમાં ગ્રંથમાની જોગવાઈ છે, જે પ્રકાશકોની ગ્રંથમાળાનો ભાગ નહીં પરંતુ સીસીસીનો વિશિષ્ટ પ્રદાન છે. આભાસી ગ્રંથમાં કક્ષા હેઠળના કેટલાક ઉદાહરણો જોઈશું ત્યારે આભાસી ગ્રંથમાળાનો હેતુ સ્પષ્ટ થશે.

આ એકમમાં અને જે નવા તત્ત્વોની ચર્ચા કરીશું તે નામાંતર સંલેખો અને નામાંતર નિર્દેશી સંલેખી સંબંધિત છે. તે યોગ્ય ઉદાહરણો સાથે તેનો અર્થ અને હેતુ સ્પષ્ટ કરવામાં આવશે.

## 16.2 ગ્રંથમાળાનો અર્થ (MEANING OF SERIES)

વર્ગીકૃત સૂચિ સંહિતા (CCC)ના પ્રકરણ FHમાં ગ્રંથમાળાની વ્યાખ્યા આપવામાં આવેલી છે તે મુજબ ગ્રંથોનો એવો સમૂહ જે કોઈ અનેક ખંડ ધરાવતા ગ્રંથનો કોઈ મૂળ ભાગ નથી હોતો તેમજ સાથે સાથે તેની નીચે મુજબની વિશેષતાઓ હોય છે :

(1) સામાન્યરીતે ગ્રંથોનું પ્રકાશન ક્રમશઃ એક જ પ્રકાશક અથવા સંચાલક, એકમ કે વ્યક્તિ દ્વારા કરવામાં આવતું હોય જે સામાન્ય રીતે એકરૂપ શૈલીમાં વિષયની સમાનતા અથવા સ્તર કે ઉદ્દેશ્ય માટે થયેલ હોય છે.

(2) પ્રત્યેક ગ્રંથનું પોતાનું અલગ કે સ્વતંત્ર શીર્ષક હોય છે અથવા પ્રત્યેક ગ્રંથની પોતાની અન્ય વિશેષતાઓ હોય છે.

(3) સામાન્ય રીતે પ્રત્યેક ગ્રંથનો લેખક કે કર્તા અલગ હોય છે.

(4) સંપૂર્ણ સમુહને ઓળખવા માટે આ ગ્રંથોનું એક સામૂહિક શીર્ષક હોય છે જેને ગ્રંથમાળાનું નામ આપવામાં આવે છે અને આ નામનો ઉપયોગ પ્રત્યેક ગ્રંથમાં અથવા તે ગ્રંથોમાંના ઓછામાં ઓછા એક ગ્રંથમાં આવશ્યક રીતે કરવામાં આવે છે.

(5) પ્રત્યેક ગ્રંથને સ્પષ્ટ ક્રમાંક હોય છે જેને ગ્રંથમાળા ક્રમાંક કહેવામાં આવે છે. આ ક્રમાંક જટિલ અથવા ક્રમવાચક સંખ્યા (Ordinal) પણ હોઈ શકે છે જેમકે 1, 2, 3 કે 5.1, 5.2, 5.3 વગેરે અથવા 2009.1, 2009.2, 2009.3 વગેરે.

## 16.3 ગ્રંથમાળાની રજૂઆત (RENDERING OF SERIES)

ઘણીવાર જોવા મળે છે કે ગ્રંથમાળા એટલી ખ્યાત હોય છે કે ગ્રંથ કે પુસ્તક તે ગ્રંથમાળાથી જ ઓળખાય છે. આ સંજોગોમાં ગ્રંથમાળા હેઠળ પૂરક સંલેખ બનાવવો જરૂરી બની જાય છે.

સીસીસીના નિયમાનુસાર ગ્રંથમાળાનું નામ મુખ્ય સંલેખના નોંધ વિભાગમાં અલગ ફકરામાં નાના કૌંશમાં લખવામાં આવે છે. કૌંશમાં આવતા પ્રત્યેક ઉપવિભાગના અંતમાં પૂર્ણ વિરામનું ચિહ્ન મુકવામાં આવે છે.

ગ્રંથમાળાનો પૂરક સંલેખ પણ બનાવવામાં આવે છે જેને ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ કહેવામાં આવે છે.

સીસીસીના નિયમ મુજબ ગ્રંથમાળા નોંધમાં નીચે મુજબના સંલેખ તત્ત્વોનો ઉલ્લેખ કરવાનો નિર્દેશ આપવામાં આવેલ છે.

(1) ગ્રંથમાળાના નામ સાથે જો પ્રારંભિક A, An, The ઉપપદ (Articles) તેમજ માનવાચક શબ્દો દૂર કરી લખવામાં આવે છે. ગ્રંથમાળા નોંધ પછી પૂર્ણવિરામનું ચિહ્ન મુકવામાં આવે છે.

દા.ત. The American LawSeriesને (American Law Series). લખવામાં આવે છે

(2) જો ગ્રંથમાળાનો કોઈ ક્રમાંક પણ હોય તો તેને ગ્રંથમાળાના નામ પછી એજ રીતે લખવામાં આવે છે જે રીતે ગ્રંથના મુખપૃષ્ઠ પર અથવા અર્ધ મુખપૃષ્ઠ પર આપવામાં આવેલ હોય.

દા.ત. (American Law Series. No 2).

(3) જો ગ્રંથમાળાનો કોઈ સંપાદક પણ હોય તો પૂર્ણવિરામના ચિહ્ન બાદ Ed by લખી સંપાદકના નામનો ઉલ્લેખ એ જ ક્રમમાં કરવામાં આવે છે.

દા.ત. (American Law Series. Ed by Jay M Feinman)

(4) જો ગ્રંથમાળાના બે સંપાદક હોય તો પૂર્ણવિરામ પછી Ed by લખી બંનેના નામ લખવામાં આવે છે અને બંનેના નામોની વચ્ચે and શબ્દ મુકવામાં આવે છે.

દા.ત. (American Law Series. Ed by Jay M Feinman and Joe Barrett).

(5) જો ગ્રંથમાળાનો કોઈ ક્રમાંક પણ હોય તેમજ ગ્રંથમાળાનો સંપાદક પણ હોય તો પહેલા સંપાદકનું નામ લખી પૂર્ણવિરામ મૂકી ગ્રંથમાળાનો ક્રમાંક લખવામાં આવે છે.

કેટલાક કિસ્સાઓમાં ગ્રંથમાળાનો દર્શાવેલ ક્રમાંક ગ્રંથમાળામાં પ્રકાશનનું સ્થાન સ્પષ્ટ કરે છે. પ્રકાશનમાં ક્રમ દર્શાવેલા હોય તો ઉપર જણાવ્યા મુજબ નોંધ વિભાગમાં તેને દર્શાવવામાં આવે છે. જો પ્રકાશનમાં ગ્રંથમાળાનો ક્રમાંક ન દર્શાવ્યો હોય તો સીસીસી તે દર્શાવવાની ભલામણ પણ કરે છે. ગ્રંથના પરિગ્રહણના ક્રમમાં અથવા તો ગ્રંથાલય નક્કી કરે તેવી અન્ય સરળ રીતે તે આપી શકાય. ક્રમાંકના સ્થાને વર્ષને દર્શાવવું તે વધારે ઉચિત ગણી શકાય. આવા કિસ્સામાં ગ્રંથનું પ્રકાશન વર્ષ ક્રમાંકનું સ્થાન લઈ શકે છે.

નીચે અમે મુખ્ય સંલેખમાં ગ્રંથમાળાની વિગતને કઈ રીતે લખવી તે દર્શાવ્યું છે.

**મુખ્ય સંલેખ**

J H7

COX (Joseph F) and Jackson (Lymen E)

Crop management and soil conservation

Ed. 2

(Wiley farm series. Ed. by A K Getman and C E Ladd. 1)

3422

લઘુ કૌંસમાં Wiley farm series લખ્યું છે તે ગ્રંથમાળાનું નામ છે. અહીં ગ્રંથમાળાના બે સંપાદકો છે જેને ક્રમમાં દર્શાવ્યા છે. ગ્રંથમાળાના નામ પછી પૂર્ણવિરામનો ઉપયોગ કર્યો છે. ગ્રંથમાળાનો ક્રમાંક આપતાં પહેલાં સંપાદકોના નામ Ed દ્વારા દર્શાવી સંપાદકોના નામ પછી ફરીથી પૂર્ણ વિરામનો ઉપયોગ કર્યો છે. ગ્રંથમાળા નામના પૂરક સંલેખને ગ્રંથ નિર્દેશી સંલેખ અને વિશિષ્ટ પદમાં "ગ્રંથમાળા નિર્દેશી સુલેખ' કહેવામાં આવે છે. ગ્રંથમાળાની પૂરેપૂરી વિગત ગ્રંથમાળા નિર્દેશી સંલેખનું શીર્ષક બને છે. પત્રકમાં દર્શાવ્યા મુજબ અગ્ર વિભાગમાં ગ્રંથમાળાનું નામ મોટા અક્ષરોમાં લખવામાં આવે છે.

**ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ**

WILEY FARM SERIES.

1 Cox and Jackson : Crop management and soil conservation. Ed 2. J H7

આ ગ્રંથમાળાનો પૂરક સંલેખ છે. આ વિભાગમાં ગ્રંથમાળાનું નામ મોટા અક્ષરોમાં લખ્યું છે. ગ્રંથમાળાનો ક્રમાંક બે લીટીની વચ્ચે દર્શાવ્યો છે. જો આ ગ્રંથમાળા હેઠળ વધારે ગ્રંથો હોય તો બીજું પત્રક તૈયાર કરવું જરૂરી નથી. આ જ પત્રકમાં અન્ય ગ્રંથોને પણ દર્શાવી શકાય. આને ગ્રંથમાળા નિર્દેશી સંલેખનું દ્દઢીકરણ (Consolidiation) કહી શકાય.

નીચે દ્દઢીકૃત (Consolidiation) ગ્રંથમાળા નિર્દેશી સંલેખનું ઉદાહરણ દર્શાવ્યું છે.

**દ્દઢીકૃત ગ્રંથમાળા નિર્દેશી સંલેખ**

| | | |
|---|---|---|
| | **ELEMENTS OF OVERSEAS TRADE SERIES.** | |
| | **1 cargo** | **Badges and Whitehead : Elemenbts of insurance X8195 L6** |
| | **2** | **Whitehead : Elements of export law. X:545 (Z) L9** |
| | **5 trade** | **Whitehead : Elements of international and paymenmt X:45 M3** |

જો ગ્રંથમાળા અન્ય ગ્રંથો ઉમેરવાની શક્યતા હોય તો, એ માટે વચ્ચે ખાલી જગ્યા છોડી શકાય જેથી પછીથી તેને પત્રકમાં ઉમેરી શકાય.

### 16.3.1 નામાંતર નિર્દેશી સંલેખ (Cross Reference Index Entry)

ગ્રંથમાળા અંતર્ગત નામાંતર નિર્દેશી સંલેખો બનાવવાની ઘણીવાર જરૂરિયાત ઊભી થતી હોય છે. આવા નામાંતર નિર્દેશી સંલેખ વિષે સૂચિકર્તાએ જાણવું આવશ્યક છે. આવા સંલેખ કોઈ ચોક્કસ પ્રલેખ દર્શાવતા નથી હોતા પરંતુ તે એક શબ્દ સમૂહ પરથી અન્ય સમાનાર્થી શબ્દો કે શબ્દ સમૂહ તરફ દોરી જાય છે (વર્ગીકૃત સૂચિ સંહિતા પ્રકરણ)ના આવા સંલેખો ત્રણ અલગ વિભાગો ધરાવે છે જે નીચે મુજબ છે.

(1) **અગ્ર વિભાગ :** અગ્ર વિભાગ સામાન્ય રીતે શીર્ષક સાથે સંબંધિત હોય છે એટલે કે આ વિભાગ એવા શબ્દસમૂહ સાથે સંબંધિત હોય છે કે જે શીર્ષક તરફ જવા અંગે સૂચન કરે છે.

(2) **દિશાસૂચક વિભાગ :** દિશાસૂચન વિભાગ એ સુધારેલ નિયમ ક્રમાંક LA2 મુજબ બીજો વિભાગ છે જેમાં જુઓ **(See)** અને વળી જુઓ **(See also)** પદો દ્વારા દર્શાવવામાં આવે છે

(3) **શીર્ષક દર્શાવનાર વિભાગ :** આ વિભાગ એવા શબ્દો કે શબ્દસમૂહ સાથે સંબંધિત છે કે જેનો ઉલ્લેખ મુખ્ય સંલેખ કે ગ્રંથ નિર્દેશી સંલેખમાં થયેલો હોય છે.

નામાંતર નિર્દેશી સંલેખો પાંચ પ્રકારના હોય છે જેમાંના કેટલાક પ્રકારના સંલેખ અંગે તમને આગળના વિભાગના કેટલાક એકમોમાં જણાવવામાં આવેલ જ છે.

અહીં આવા વિવિધ પ્રકારોને સંલેખથી સમજીએ -

**(1) વૈકલ્પિક નામનો સંલેખ :**

**ઉદાહરણ તરીકે :**

DELHI UNIVERSITY.

**See**

UNIVERSITY OF DELHI.

**(2) ભિન્ન શબ્દ સ્વરૂપ ધરાવતો સંલેખ :**

**ઉદાહરણ તરીકે :**

BENERJEE.

**See also**

BANDOPADHYAYA.

**(3) ઉપનામ-વાસ્તવિક નામનો સંલેખ :** આ પ્રકારના નામાંતર નિર્દેશી સંલેખની ઉદાહરણ સહિતની ચર્ચા એકમ-12 'વ્યક્તિ કર્તા'ના ઉપનામ હેઠળ કરવામાં આવેલ છે જેથી અહી પુનરાવર્તન ટાળવામાં આવેલ છે.

**(4) સામાન્ય (Generic)- નામ સંલેખ**

**ઉદાહરણ તરીકે :**

| | | |
|---|---|---|
| | UNIVERSITY. | |
| | | **See also**<br>UNIVERSITY OF DELHI. |

**(5) ગ્રંથમાળા સંપાદકનો સંલેખ**

ગ્રંથમાળાના સંપાદક/કોના નામ ધરાવતા પુરક સંલેખને ગ્રંથમાળા સંપાદક સંલેખ કહેવામાં આવે છે, જે નામાંતર સંલેખોમાંનો એક છે. હવે આપને જોઈએ કે આ ચોક્કસ પ્રકારના સંલેખમાં સંપાદક/કોના નામ કેવી રીતે લખવામાં આવે છે. ગ્રંથમાળા સંપાદક નિર્દેશી સંલેખમાં સંપાદકોના નામ પરિવર્તિત ક્રમમાં વારાફરતી આવે. (નિયમ ક્રમાંક LE1).

**ગ્રંથમાળા સંપાદક નિર્દેશી સંલેખ (નામાંતર નિર્દેશી સંલેખ)**

| | | |
|---|---|---|
| | GETMNAN (A K) and LADD (C E), Ed. | |
| | | **See**<br>WILEY FARM SERIES. |

**ગ્રંથમાળા સંપાદક નિર્દેશી સંલેખ (નામાંતર નિર્દેશી સંલેખ)**

LADD (C E) AND GETM AN (A K) Ed.

**See**

WILEY FARM SERIES.

નામાંતર નિર્દેશી સંલેખનો મુખ્ય હેતુ વાચકો સૂચિમાંથી જે મેળવવા માંગે છે તે તમામ સરખા પદો કે અન્ય પદો હેઠળ માહિતી શોધી શકે તે પ્રકારે તેમનું ધ્યાન દોરવાનો છે.

## 16.4 બહુ-ગ્રંથમાળા નોંધ (Multi-Series Notes)

ડૉ. રંગનાથને સીસીસીમાં એકથી વધુ બહુ-ગ્રંથમાળા નોંધને સૂચિમાં લખવાની જોગવાઈ કરેલ છે.

(1) જો કોઈ ગ્રંથ બે કે તેથી વધુ ગ્રંથમાળાઓ અંતર્ગત લખવામાં આવેલ હોય અને બંને ગ્રંથમાળાઓ અલગ અલગ હોય તો તે બધી ગ્રંથમાળાઓનો ઉલ્લેખ ગ્રંથના મુખ્ય સંલેખમાં કરવામાં આવે છે. પ્રત્યેક ગ્રંથમાળા અલગ અલગ ફકરામાં લખવામાં આવે છે એટલે કે પ્રત્યેક ગ્રંથમાળાને નવી રેખાથી નાના કૌંશમાં લખવામાં આવે છે. દા.ત. કોઈ ગ્રંથ બે ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશિત થયેલ હોય તો તેને મુખ્ય સંલેખના નોંધ વિભાગમાં નીચે મુજબ લખવામાં આવે છે.

(American Law Series. No 2).

(Legal matrix series.Ed by John Black. 3).

(2) જો કોઈ ગ્રંથ બે ગ્રંથમાળાઓ અંતર્ગત લખાયો હોય જે પરસ્પર એકબીજાથી સંબંધિત હોય તો તે બંને ગ્રંથમાળાઓનો ઉલ્લેખ નોંધ વિભાગમાં એકજ ફકરામાં એક જ નાના કૌંસમાં કરવામાં આવે છે.

દા.ત. (University of Texas, bulletin. 371; Humanistic Series. 17)

(3) જયારે કોઈ ગ્રંથ ત્રણ કે તેથી વધુ ગ્રંથમાળાઓ અંતર્ગત રચાયેલ હોય જે એકબીજાથી પરસ્પર રીતે સંબંધિત હોય તો તે ત્રણેયનો ઉલ્લેખ નોંધ વિભાગમાં એકજ નાના કૌંશમાં અર્ધવિરામના ચિહ્ન બાદ કરવામાં આવે છે.

દા.ત. (University of Texas, bulletin. 371; Humanistic Series.17; Students in English. 2).

અહીં ઉદાહરણ સાથે ગ્રંથમાળા મુખ્ય સંલેખમાં કેવી રીતે લખવામાં આવે છે તે વિસ્તારથી સમજીએ-

NR44x3.1 15N28

MATANGAMUNI.

Brhaddeshi. Ed by K Sambasiva Sastri. (Trivandrum Sanskrit series. 94).

(Setu Lakshmi prasadamala. 6).

51608

ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ

TRIVANDRUM SANSKRIT SERIES.

94 Matangamuni : Brahaddeshi.

NR44x3,1 15N28

ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ

SETU LAKSHMI PRASADAMALA.

6 Matangamuni : Brhaddeshi.

NR44x3,1 15N28

કેટલીક આંતર આધારિત (interdependent) ગ્રંથમાળા હોય છે. આંતર આધારિત ગ્રંથમાળામાં તમે મુખ્ય ગ્રંથમાળાને દર્શાવ્યા વિના ઉપગ્રંથમાળાના નામને દર્શાવી શકો નહીં. આંત આધારિત ગ્રંથમાળાના કિસ્સામાં, મૂળ ગ્રંથમાળાને સામાન્યપણે જે રીતે રજૂ કરવામાં આ છે તે રીતે લખવામાં આવે છે. આંતર આધારિત ગ્રંથમાળાને રજૂ કરવા માટે :

(1) પ્રથમ અર્ધવિરામ્;

(2) પછી બીજી ગ્રંથમાળાનું નામ;

(3) પૂર્ણ વિરામ

(4) બીજી કક્ષાની ગ્રંથમાળામાંના ગ્રંથનો ગ્રંથમાળા ક્રમાંક;

(5) અર્ધ વિરામ્;

(6) પછીની ગ્રંથમાળાનું નામ;

(7) પૂર્ણ વિરામ્;

(8) ગ્રંથમાળાનો ક્રમાંક;

સીસીસીમાં દર્શાવેલ આંતર આધારિત ગ્રંથમાળાનાં ઉદાહરણને ફરીથી નીચે રજૂ કર્યું છે.

**મુખ્ય સંલેખ**

| | | |
|---|---|---|
| | 0111. | 2496:g(Y35) N14 |
| | | Parlin (Hanson T) (1879).<br>Study in Shrley's comedies of London life.<br>(University of Texas, bulletin. 371; humanistic series. 17; studies in English. 2).<br><br>72005 |

ઉપરોક્ત કિસ્સામાં ત્રણ આંતર આધારિત ગ્રંથમાળાને એક જ ક્રમમાં દર્શાવી છે. પહેલી | ગ્રંથમાળાનું નામ દર્શાવ્યા વિના બીજી અને ત્રીજી ગ્રંથમાળાની વિગત દર્શાવી શકાય નહીં. વિકલ્પિક નામો ધરાવતી ગ્રંથમાળાના કિસ્સામાં પ્રલેખમાં દર્શાવ્યા હોય તે જ ક્રમમાં ગ્રંથમાળાના નામોને વચ્ચે 'or' લખીને એક પછી એક લખવામાં

આવે છે. સ્વતંત્ર ગ્રંથમાળાના નામને એ જે રીતે દર્શાવતા હોઈએ તે રીતે જ ગ્રંથમાળાના પ્રત્યેક વૈકલ્પિક નામને દર્શાવવામાં આવે છે. cataloguing Practice માં આપેલા વૈકલ્પિક નામ સાથેના ગ્રંથમાળાનાં ઉદાહરણને ફરીથી રજૂ કર્યું છે.

**મુખ્ય સંલેખ**

0,15,1D40,M N91

KALIDASA.

Meghaduta, with three commentaries, the Sanjivini by Mallinatha, Charitravardhini by Charitra Vardhanacharya and Bhavaprabodhini by Narayan Shastri Khiste. Ed by Narayan Sastri Khiste.

(Kashi Sanskrit series or Haridas Sanskrit granthamala. 88; Kavya section. 14)

95

**ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ**

KASHI SANSKRIT SERIES.

88 Kalidasa : Meghaduta.

0,15,1D40,M N31

ગ્રંથમાળાના વૈકલ્પિક નામ માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ

HARIDAS SANSKRIT GRANTHMALA

88 Kalidasa : Meghaduta.

0,15,1D40,M N31

આધારિત ગ્રંથમાળા માટેનો ગ્રંથમાળા નિર્દેશી સંલેખ

KASHI SANSKRIT SERIES, KAVYA SECTION

14, Kalidasa : Meghaduta.

0,15,1D40,M N31

આધારિત ગ્રંથમાળા માટેનો ગ્રંથમાળા નિર્દેશી સંલેખ

HARIDAS SANSKRIT GRANTHMALA,

KAVYA SECTION

14 Kalidasa : Meghaduta.

0,15,1D40,M N31

## 16.5 આભાસી ગ્રંથમાળા (PSEUDO SERIES)

સીસીસીની જોગવાઈ અનુસાર ગ્રંથમાળા નીચે મુજબ ત્રણ પ્રકારની આભાસી ગ્રંથમાળા હોય છે :

કેટલાંક પ્રકાશનો એવા હોય છે કે જે સમાન નામ ધરાવતાં હોય તેમ છતાં તે સંઘાત ગ્રંથો (Multivolumes) હોતા નથી. આવા નામો સમાન નામની સાથે પોતાનું આગવું નામ પણ ધરાવતાં હોય છે. વાચકો ક્યારેય આવા સમાન નામ હેઠળની કક્ષામાં પ્રકાશિત થયેલા ગ્રંથો વિશે પૂછતા હોય છે. જે વાચકો સૂચિમાંથી આવી માહિતી મેળવવા ઈચ્છતા હોય તેવા વાચકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સીસીસીમાં આભાસી ગ્રંથમાળાની વિભાવના વિશે પરિચય આપેલો છે. આ સીસીસીનું પ્રદાન છે, પ્રકાશકોની શોધ નહીં. સીસીસીએ આભાસી ગ્રંથમાળાને ત્રણ વિવિધ કક્ષામાં વહેંચી છે, તે આ છે :

**(1) પ્રથમ પ્રકારની કલ્પિત/આભાસી ગ્રંથમાળા (Pseudo Series of Kind-1)**

અનેક ગ્રંથોનો એવો સમૂહ કે જે બહુ ખંડીય નથી હોતો તેમજ જેમાં નીચે મુજબની વિશેષતાઓ પણ હોય છે-

(ક) ગ્રંથમાળાને આધીન પ્રકાશિત તમામ ગ્રંથોની આવૃત્તિ અને કર્તા એક જ હોય છે.

(ખ) ગ્રંથની મૂળ આવૃત્તિ ઉપરાંત પ્રત્યેક ગ્રંથનું એક અલગ તથા વિશિષ્ટ શીર્ષક/આખ્યા હોય છે.

(ગ) તથા ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશિત પ્રત્યેક ગ્રંથને એક ક્રમાંક આપવામાં આવે છે જે ક્રમથી તે પ્રકાશિત થાય છે.

દા.ત. Works of Leo Tolstoy/ Childhood, Boyhood and Youth/ Centenary Edition

અહીં આ ગ્રંથમાળાનું સાચું નામ Tolstoy (Leo), Centenary edition આપી શકાય છે કેમકે અહીં ઉપરોક્ત ત્રણેય વિશેષતાઓ સમાયેલ છે. નીચે દર્શાવેલ ઉદાહરણમાં મુખ્ય અને આભાસી ગ્રંથમાળાના સંલેખો દર્શાવ્યા છે.

**મુખ્ય સંલેખ**

| | | |
|---|---|---|
| | 0111, | 2J64,R M6 |
| | | SHAKESPEARE (William).<br>Romeo and Juliet. New variorum ed.<br>(Shakespeare (William). New Variorum ed. |
| | Ed by Horace Howard Furness. 8). | |
| | 1962 | |

**આભાસી ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ**

SHAKESPEARE (William). NEW VARIORUM EDITION.

8 Romeo and Juliet. 0111,2J64,R M6

**(2) દ્વિતીય પ્રકારની કલ્પિત/આભાસી ગ્રંથમાળા (Pseudo Series of Kind-2)**

**અનેક ગ્રંથોનો તે સમૂહ કે જે બહુ ખંડીય નથી હોતા તેમજ જેમાં નીચેની વિશેષતાઓ પણ હોય છે-**

(ક) ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશિત તમામ ગ્રંથ એક જ લેખક કે કર્તા દ્વારા લખવામાં આવેલ હોય છે.

(ખ) ગ્રંથમાળા આધારિત પ્રકાશિત તમામ ગ્રંથોના શીર્ષકોનો એક એવો ભાગ હોય છે જેને સામાન્ય શીર્ષક તરીકે ઉપયોગ કરી શકાય છે.

(ગ) સામાન્ય શીર્ષક ઉપરાંત પ્રત્યેક ગ્રંથનું પોતાનું એક અલગ તેમજ વિશિષ્ટ શીર્ષક હોય છે.

(ઘ) પ્રત્યેક ગ્રંથને ક્રમાંક આપવામાં આવે છે અથવા તેનો પોતાનો ક્રમાંક હોય છે.

(ચ) સામાન્ય શીર્ષકની સાથે લેખકના નામનો પ્રયોગ કરવાથી એવું લાગે છે કે તે એક ગ્રંથમાળાનું નામ હોય.

નીચે દર્શાવેલ ઉદાહરણમાં મુખ્ય અને આભાસી ગ્રંથમાળાના સંલેખો દર્શાવ્યા છે.

**મુખ્ય સંલેખ**

L17:4:7 G7

HERTZLER (Arthur E).

Surgical pathology of the diseases of the neck.

(Hertzler (Arthur E). Monographs on surgical pathology. 9).

1212

**આભાસી ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા**
**આભાસી ગ્રંથમાળા નિર્દેશી સંલેખ**

HERTZLER (Arthur E). MONOGRAPHS ON SURGICAL PATHOLOGY.

9 Surgical pathology of the diseases of the neck. L17:4:7 G7

**(3) તૃતીય પ્રકારની કલ્પિત ગ્રંથમાળા (Pseudo Series of Kind-3)**

અનેક ગ્રંથોનો એવો સમૂહ જે બહુખંડીય ગ્રંથ નથી હોતાતેમજ જેમાં નીચે મુજબની વિશેષતાઓ હોય છે-

(ક) ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશિત તમામ ગ્રંથોના લેખક એકજ વ્યક્તિ નથી હોતો.

(ખ) ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશિત તમામ ગ્રંથોના શીર્ષકોનો એક એવો ભાગ હોય છે જેને સામાન્ય શીર્ષકના સ્વરૂપે ઉપયોગમાં લઈ શકાય છે.

(ગ) આવા ગ્રંથોના સામાન્ય શીર્ષક ઉપરાંત પ્રત્યેક ગ્રંથનું પોતાનું અલગ એક શીર્ષક હોય છે.

(ઘ) સામાન્ય શીર્ષકનો પ્રયોગ કરવાથી તે કોઈ ગ્રંથમાળાનું નામ હોય તેવું અનુભવાય છે.

દા.ત. The volumes edited by Anthony Lawis under the generic title History of Law.

આ ગ્રંથમાળાની નીચે મુજબ રજૂઆત કરી શકાય-

History of Law, ed by Anthony Lawis.

**મુખ્ય સંલેખ**

V56.1'M37 <— NO1 E3

LOW Sidney) and SANDERS (Lloyd C).

History of England during the reign of Victoria (1837-1901).

(Hunt (William) and Poole (Reginald L), Ed. Political history of England. 12).

1213

.

**સ્આભાસી ગ્રંથમાળા માટેનો ગ્રંથનિર્દેશી સંલેખ અથવા આભાસી ગ્રંથમાળા નિર્દેશી સંલેખ**

HUNT (William) and POOLE (Reginald L), Ed.
POLITICAL HISTORY OF ENGLAND.
12 Low and Sanders : History of England during the reign of Victoria (1837-1901).

V56,1'M37<—No1 E3

## 15.6 ગ્રંથમાળાના ઉદાહરણો (EXAMPLES OF SERIES)

ગ્રંથમાળા હેઠળનાં કેટલાંક ઉદાહરણો નીચે દર્શાવ્યા છે :

ઉદાહરણ-1

Chomsky's
Universal Grammar
An Introduction

V.J. Cook

Basil Blackwell
Oxford

**Other Information :**

| | | |
|---|---|---|
| Call No. | : | P:2 M8 |
| Acc. No. | : | 9310 |
| Date of Publication | : | 1988 |
| Note | : | There is a series by the name Applied Language Studies. |

### મુખ્ય સંલેખ

| | | |
|---|---|---|
| | P:2 | MB |
| | | COOK (V J).<br>Chomsky's Universal Grammar : introduction (Applied language studies. 1). |
| | 9310 | |

શોધાતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી

P = Linguistics.

P:2 = Morphology, Linguistics.

### વર્ગ નિર્દેશી સંલેખ

| | | |
|---|---|---|
| | MORPHOLOGY, LINGUISTICS. . | |
| | For documents in this Class and its Subdivisions, see the Classified Part of the catalogue under the Class Number P:2 | |

અન્ય વર્ગ નિર્દેશી સંલેખ છે :

LINGUISTICS

**કર્તા માટેનો ગ્રંથનિર્દેશી સંલેખ અથવા કર્તા નિર્દેશી સંલેખ**

| | | |
|---|---|---|
| | COOK (V J). | |
| | | Chomsky's Universal Grammar. |
| | | P:2 M8 |

**ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ**

| | | |
|---|---|---|
| | APPLIED LANGUAGE STUDIES. | |
| | 1 | Cook : Chomsky's Universal grammar |
| | | P:2 M8 |

| |
|---|
| Morphology, Linguistics.<br>Linguistics.<br><br>Cook (V J).<br>Applied language studies. |

ઉપરોક્ત ઉદાહરણ એ સરળ ગ્રંથનું છે; જે ગ્રંથમાળાનું માત્ર વધારાનું તત્ત્વ ધરાવે છે, સંલેખમાં નોંધ વિભાગમાં ગ્રંથમાળાની વિગત દર્શાવી છે. ગ્રંથમાળા ક્રમાંક ઊભો ક આવ્યો.છે, જે ગ્રંથમાં આપેલો નથી. ગ્રંથમાળા માટેનો ગ્રંથનિર્દેશી સંલેખ બનાવ્યો છે. 5 નિર્દેશી સંલેખની લેખનશૈલીની અને ગ્રંથનિર્દેશી સંલેખમાં દર્શાવેલ વિગતની નોંધ લો. આ ઉદાહરણોમાં ગ્રંથમાળાના સંપાદક નથી. અમે એક અને બે સંપાદકો ધરાવતા હોય તેવા જ ઉદાહરણો દર્શાવ્યા છે.

**ઉદાહરણ-2 :**

| |
|---|
| Human Ecology<br>By<br>James A. Quinn.<br><br>2nd Edition<br><br>New York<br>Prentice-Hall Inc.<br>1950 |

**Other Information :**

Call No. : U47 JO : 7018

Acc No. : 7018

Date of Publication : 1950

Note : There is a series : Prentice-Hall Sociology Series. Editor : Herbert Blumer. It is 5th in the series.

ઉપરોક્ત ઉદાહરણ સંબંધિત સંલેખો નીચે દર્શાવ્યા છે. આ સરળ ગ્રંથ છે જેમાં વધારાના તત્ત્વ તરીકે ગ્રંથમાળા અને ગ્રંથમાળાના સંપાદક છે.

**મુખ્ય સંલેખ**

U47 JO

QUINN (James A).
Human ecology. Ed 2.
(Prentice-Hall sociology Series. Ed. by Herbert Blumer. 5).

7018

દર્શાવેલ ગ્રંથમાળા તરફ તમે ધ્યાન દોરો, મુખ્ય સંલેખમાં ગ્રંથમાળાના સંપાદક અને ગ્રંથમાળાનો ક્રમાંક છે. ગ્રંથમાળા સંબંધિત માહિતી નોંધ વિભાગમાં બીજી ઊભી લીટીથી શરૂ કરીને લખવામાં આ માહિતીનું અનુસંધાન પ્રથમ ઊભી લીટીથી ચાલુ રાખી શકાય છે. ગ્રંથમાળાના પર્ણ વિરામ મૂકવામાં આવે છે. સંપાદકના નામ પહેલાં સંપાદકના ટૂંકાક્ષરી શબ્દ "Ed by"થી લખાય છે. ગ્રંથમાળા ક્રમાંક પહેલાં પૂર્ણવિરામ મૂકવામાં આવે છે અને ગ્રંથમાળાની બધી જ નોંધ લઘુ કસમાં રજૂ કરવામાં આવે છે. શોધાતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી :

| | | |
|---|---|---|
| U | = | Geography |
| U4 | = | Anthropogeography |
| U47 | = | Reaction of man and environment (Human Geography) |

હાલ Human ecologyથી આ વિષય પ્રચલિત હોવાથી તે માટેની નામાંતર નોંધ આપી શકાય.

### વર્ગ નિર્દેશી સંલેખ

REACTION OF MAN AND ENVIRONMENT

GEOGRAPHY.

For documents in this class and its Subdivisions, see the Classified Part of the catalogue under the Class Number: U47

અન્ય વર્ગ નિર્દેશી સંલેખો છે :

| | |
|---|---|
| HUMAN GEOGRAPHY. | U47 |
| ANTHROPOGEOGRAPHY. | U4 |
| GEOGRAPHY. | U |

આ કિસ્સામાં એક વધારે નામાંતર નિર્દેશી સંલેખ દર્શાવ્યો છે.

### નામાંતર નિર્દેશી સંલેખ

HUMAN ECOLOGY.

See

HUMAN GEOGRAPHY.

**અન્ય સંલેખો છે : કર્તા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા કર્તા નિર્દેશી સંલેખ**

QUINN (James A).

Human ecology. Ed 2. U47 JO

**ગ્રંથમાળા માટેનો ગ્રંથનિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ.**

PRENTICE-HALL SOCIOLOGY SERIES.

5 Quinn:Human ecology. Ed.2. U47 JO

**ગ્રંથમાળા-સંપાદક નિર્દેશી સંલેખ (નામાંતર નિર્દેશી સંલેખ)**

BLUMER (Herbert), Ed.

See

PRENTICE-HALL SOCIOLOGY SERIES.

**આલેખ**

Reaction of man and
environment, Geography.
Human geography.
Anthropogeography.
Geography.

Quinn (James A).
Prentice-Hall Sociology
series.

Human ecology.
Blumer (Herbert), Ed.

ઉપરોક્ત ઉદાહરણો પરથી તમને સમજાશે કે :

**ગ્રંથમાળાને દર્શાવવામાં** :

(1) મુખ્ય સંલેખમાં તેને નોંધ વિભાગમાં લખવામાં આવે છે. લેખનશૈલી વિશે ઉપર સ્પષ્ટતા કરેલી છે.

(2) અગ્ર વિભાગમાં તેને મોટા અક્ષરોમાં લખવામાં આવે છે.

(3) આખ્યા દર્શાવવામાં આવે છે ત્યાં ગ્રંથમાળાનો ક્રમાંક બે ઊભી લીટીની વચ્ચે દર્શાવવામાં આવે છે.

(4) ગ્રંથમાળાના સંપાદક કે સંપાદકો માટે નામાંતર નિદેશી સંલેખ બનાવવામાં આવે છે. તમે AACR-2(R)માં See at See also સંલેખના હેતુઓ વિશે શીખી ગયા છો. અહીંયા પણ આ જ નિયમો લાગુ પડે છે. ગ્રંથમાળાના સંપાદકો મા સંદર્ભ સંલેખથી દર્શાવવામાં આવે છે,

આપણે ગ્રંથમાળા માટેના બે સંપાદકો સાથેના અન્ય ઉદાહરણો લઈશું.

**ઉદાહરણ-3 :**

Meteorology

Ablert Miller

Charles E. Merrill Publishing Co.
Columbus, Ohio

**Other Information :**

| | | |
|---|---|---|
| Call No. | : | U28 K6 |
| Acc. No. | : | 2892 |
| Date of Publication | : | 1966 |
| Note | : | There is a series : Merrill Physical Science Series. Robert J Foster and Walter A Gong, are the Editors. Treat this as 6th in the order of publication. |

તમામ સંબંધિત સંલેખો નીચે દર્શાવ્યા છે.

### મુખ્ય સંલેખ

| | | |
|---|---|---|
| | U28 | K6 |
| | | MILLER (Albert).<br>Meteorology.<br>(Merrill physical science series. Ed by Robert J Foster and Walter A Gong. 6.) |
| | 2892 | |

શોધાતા અંકોડાઓ માટેમાટેની શૃંખલા નિર્દેશી :

| | | |
|---|---|---|
| U | = | Geography |
| U2 | = | Physical geography |
| U28 | = | Meteorology |

### વર્ગ નિર્દેશી સંલેખ

| | | |
|---|---|---|
| | METEOROLOGY, GEOGRAPHY. | |
| | For documents in this Class and its Subdivisions, see the Classified Part of the catalogue under the Class Number U28 | |

અન્ય વર્ગ નિર્દેશી સંલેખો છે :

| | |
|---|---|
| PHYSICAL GEOGRAPHY. | U2 |
| GEOGRAPHY | U |

**કર્તા માટેનો ગ્રંથનિર્દેશી સંલેખ અથવા કર્તા નિ૭ર્દેશી સંલેખ**

| | | |
|---|---|---|
| | MILLER (Albert). | |
| | | Meteorology. U28 K6 |

**ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ**

| | | |
|---|---|---|
| | MERRILL PHYSICAL SCIENCE SERIES | |
| | 6 | Miller : Meteorology. U28 K6 |

ગ્રંથમાળા-સંપાદક નિર્દેશી સંલેખ (નામાંતર નિર્દેશી સંલેખ)

FOSTER (Robert J) and GONG (Walter A), Ed.

See

MERRILL PHYSICAL SCIENCE SERIES.

ગ્રંથમાળા-સંપાદક નિર્દેશી સંલેખ (નામાંતર નિર્દેશી સંલેખ)

GONG (Walter A) and FOSTER (Robert J), Ed.

See

MERRILL PHYSICAL SCIENCE SERIES.

આલેખ

| | |
|---|---|
| ❍ | Meteorology, Geography.<br>Physical geography.<br>Geography.<br><br>Miller (Albert).<br>Merrill Physical Science<br>series.<br><br>Foster (Robert J) and Gong<br>(Walter A), Ed.<br>Gong (Walter A) and Foster<br>(Robert J), Ed. |

**તમારી પ્રગતિ ચકાસો**

**નીચેની આખ્યાનું સૂચિકરણ સીસીસી મુજબ કરો.**

**નોંધ : 1) તમારી પોતાની નોંધપોથીમાં ઉત્તરો લખો.**

**2) આ એકમના અંતમાં આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.**

England in the
Eighteen Thirties
Decade of Reform

Geoffrey B.A.M. Finloyson

**Other Information :**

| | | |
|---|---|---|
| Call No. | : | V561'M83 K9 |
| Acc. No. | : | 2898 |
| Date of Publication | : | 1969 |
| Note | : | There is a series : Foundations of Modern History. General Editor is A. Goodwin. Take this as the third in the series. |

Adult Education and
Challengers of the 1990s

Edited by
Walter Leirman
And Jindra Kulich

Croom Helm
London

**Other Information :**

Call No. : T3 M6

Acc. No. : 2899

Date of Publication : 1986

Note : There are two series, the first under the name International Perspectives on Adult Education and Continuing Education and the second series under the name Croom Helm Series in International Education. They are to be taken as being 12th and 2nd series respectively.

## 16.7 સારાંશ (SUMMARY)

આ એકમમાં આપણે ગ્રંથમાળા અંતર્ગત પ્રકાશિત થતા પ્રલેખોના સૂચિકરણ અંગેની સીસીસીની વિવિધ જોગવાઈઓ જોઈ. અનેક પ્રલેખો એવા હોય છે કે જેની શોધ ગ્રંથમાળા હેઠળ થતી હોય છે તેથી સૂચિમાં તેને યોગ્ય રીતે દર્શાવવી પણ એટલી જ આવશ્યક છે. વળી ગ્રંથમાળાના જો કોઈ સંપાદક/કો હોય તો તેનો નિર્દેશી સંલેખ

કેવી રીતે તૈયાર કરવો તેની પણ સુચિકાર માટે જાણકારી હોય તે એટલું જ આવશ્યક છે. આમ, આ એકમમાં વિવિધ પ્રકારની ગ્રંથમાળા અને તેના પ્રકારો અંગે અને તેના સંદર્ભે સૂચિકરણની જોગવાઈઓ આપણે જોઈ.

## 16.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWER TO SELF CHECK EXERCISE)

(1) વિવિધ સંલેખો આ મુજબ છે :

**મુખ્ય સંલેખ**

| | |
|---|---|
| | V561'N83 K9 |
| | FINLOYSON (Geoffrey B A M).<br>England in the eighteen thirties : Decade of reform.<br>(Foundations of modern history. Ed by A Goodwin. 3).<br><br>2898. |

શોધાતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી :

V = History

V5 = History of Europe

V56 = History of Great Britain

V561 = History of England

## વર્ગ નિર્દેશી સંલેખ

ENGLAND, HISTORY.

For documents in this Class and its Subdivisions, see the Classified Part of the Catalogue under the Class Number V561

અન્ય વર્ગ નિર્દેશી સંલેખો છે :

| | | |
|---|---|---|
| Great Britain | (In case of England, if you want to keep under one name, give cross reference to United Kingdom and Great Britain in which case no entry need to be made under Great Britain and United Kingdom) | V56 |
| Europe, History. | | V5 |
| History. | | V |

### કર્તા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા કર્તા નિર્દેશી સંલેખ

FINLOYSON (Geoffrey B A M).

England in the eighteen thirties.

V561'M83 K9

### ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ

FOUNDATIONS OF MODERN HISTORY.

3 Finloyson : England in the eighteen thirties.

V561'M83 K9

### ગ્રંથમાળા-સંપાદક નિર્દેશી સંલેખ (નામાંતર નિર્દેશી સંલેખ)

Goodwin (A), Ed.

See

FOUNDATIONS OF MODERN HISTORY.

### આલેખ

England, History.

Europe, History.

History.

Finloyson (Geoffrey B A M).

Foundations of modern history.

Goodwin (A), Ed.

(2) વિવિધ સંલેખો છે :

મુખ્ય સંલેખ

| | | |
|---|---|---|
| | T3 | M6 |
| | LEIRMAN (Walter) and KULICH (Jindra), Ed.<br>Adult education and challenges of the 1990s.<br>(International perspectives on adult education and continuing education. 12).<br>(Croom Helm series in international education. 2).<br><br>2899 | |

શોધાતા અંકોડાઓ માટેની શૃંખલા નિર્દેશી :

**T = Education**

**T3 = Adult, Education**

વર્ગ નિર્દેશી સંલેખ

| | |
|---|---|
| | ADULT, EDUCATION. |
| | For documents in this class and its Subdivisions, see the Classified Part of the catalogue under the Class Number T3. |

અન્ય વર્ગ નિર્દેશી સંલેખ છે?

EDUCATION.

**સહ ગૌણકર્તાઓ માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા સહસંપાદકો-નિર્દેશી સંલેખ**

| | | |
|---|---|---|
| | LEIRMAN (Walter) and KULICH (Jindra), Ed. | |
| | | Adult education and challenges of the |
| | 1990s. | T3 M6 |

**સહગૌણકર્તાઓ માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા સહસંપાદકો-નિર્દેશી સંલેખ**

| | | |
|---|---|---|
| | KULICH (Jindra) and LEIRMAN (Walter), Ed. | |
| | | Adult education and challenges of the |
| | 1990s. | T3 M6 |

ગ્રંથમાળા માટેનો ગ્રંથ નિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ

CROOM HELM SERIES IN INTERNATIONAL
EDUCATION.
2 Leirman and Kulich, Ed : Adult education and challenges of the 1990s. T3 M6

ગ્રંથમાળા માટેનો ગ્રંથનિર્દેશી સંલેખ અથવા ગ્રંથમાળા નિર્દેશી સંલેખ

INTERNATIONAL PERSPECTIVES ON ADULT
EDUCATION AND CONTINUING EDUCATION.
12 Leirman and Kulich, Ed : Adult education and challenges of the 1990s. T3 M6

**આલેખ**

Adult, Education.
Education.

Leirman (Walter) and
Kulich (Jindra), Ed..
Kulich (Jindra) and
Leirman (Walter), Ed.
International perspectives
on adult education
and continuing education.
Croom Helm series in
International education.

## 16.9 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCE AND FURTHER READING)


* Krishan Kumar (1993). An Introduction Cataloguing Practice, 3rded.reprint. New Delhi : Vikash Publishing House.
* Ranganathan, S.R. (1989). Cataloguing Practice. 2nd ed. reprint Bangalore : SaradaRanganathan Endowment for Library Science.
* Ranganathan S.R. (1988). Classified Catalogue Code with Additional Rules for Dictionary Catalogue.5th ed. reprint. Bangalore : Ranganathan Endowment for Library Science.
* Ranganathan, S.R. (1990). Colon Classification.6thed. reprint. Bangalore : Ranganathan Endowment for Library Science.
* Sehgal, R.L. (1996). Cataloguing Practice Classified Catalogue Code (CCC). New Delhi : EssEss Publisher.
* Sharma, Arun Kumar (2019). Cataloguing : Practice with Special Reference to Classified Catalogue Code (CCC) and Aacr-2.Reviseded. New York : Larsen and Keller Education.
* Sharma, C.D. and Dave, Meenaxi (1990).Classified Catalogue Code in Theory and Practice. Jodhpur : Scientific Publications.
* Verma, A.K. (19+88). Classified Catalogue Code : Entries and Procedure. New Delhi : Criterion Publications.


*